# સ્ટેચ્યુ ઓફ લીબર્ટી

## –આશા વીરેન્દ્ર

રાખી એની કંપનીના કામે અમેરીકા જવાની છે એવી ખબર પડી કે તરત નીલાકાકીનો ફોન આવ્યો હતો. એમણે ખુશ થઈને કહેલું, 'અરે વાહ રાખી, તને તો કંપની અમેરીકા મોકલે છે! જલસા છે તારે તો! ખુબ હરજે, ફરજે ને મઝા કરજે.'

રાખી હસી પડેલી. 'કાકી મઝા કરવા નથી જતી. કામ કરવા જાઉં છું; પણ હા, કામ પતે પછી થોડા દીવસ રોકાઈશ ખરી. ન્યુ યૉર્ક જવાની તો છું; પણ ત્યાં કોઈ ઓળખીતું નથી એટલે..'

રાખી પોતાની વાત પુરી કરે એ પહેલાં કાકી ઉત્સાહથી ઉછળી પડેલાં. એમણે પોતાની ખાસ બહેનપણી તરલાની દીકરી રશ્મીના ઘરે રહેવાની ભલામણ કરેલી. 'તું જોજે તો ખરી, તને ત્યાં જરાયે અજાણ્યુ નહીં લાગે. રશ્મી બહુ મળતાવડી છોકરી છે અને તેનો વર શાન્તનુ પણ બહુ સારો છોકરો છે. તને શૉપીંગ પણ કરાવશે અને ફેરવશેય ખરો.'

પછી તો નીલાકાકીએ બધું ગોઠવી કાઢ્યું હતું. એને જ પરીણામે આજે થોડા સંકોચ સાથે એ રશ્મીના એપાર્ટમેન્ટના નવમે માળે લીફ્ટમાં પહોંચી હતી. ભારે બૅગ સાથે હજી લીફ્ટની બહાર પગ મુકે ત્યાં તો તેને ઉમળકાભેર આવકારવા, એનાથી ત્રણચાર વર્ષ નાની લાગતી એક યુવતી સામે જ ઉભી હતી. એણે આઠદસ મહીનાની બાળકીને તેડી હતી. અમેરીકન ઢબે હાથ લમ્બાવવાને બદલે ડોક જરા ઢાળીને એણે કહ્યું,

'પ્રણામ દીદી, હું રશ્મી. તમારો ફોન આવ્યો ત્યારથી આતુરતાથી તમારી રાહ જોઉં છું.' પોતાના ફ્લેટ તરફ ઈશારો કરતાં એણે, બેબી હાથમાં હોવાથી, રાખીની બૅગ ઉપાડી ન શકવાની લાચારી દર્શાવી અને બોલતાં બોલતાં રાખીની આગળ ચાલવા લાગી. 'દીદી, આ મારી ગુડ્ડી મને એક મીનીટ પણ છોડતી નથી. સવારે ઉઠું ત્યારથી રાતે સુતા સુધી મારે એની જ આરતી ઉતારવાની, બોલો!'

રાખીને લાગ્યું કે તદ્દન અપરીચીત વ્યક્તી આગળ રશ્મી જરા વધુ પડતું બોલે છે. વળી, એ ખુબ થાકેલી પણ હતી એટલે એને થયું, ઘરમાં જઈને જરાક શાન્તીથી બેસવા મળે તો સારું. એણે જોયું કે કાળા, લાંબા વાળ અને લીંબુંની ફાડ જેવી સુન્દર આંખો ધરાવતી રશ્મીનો ચહેરો

સોહામણો હતો; પણ કોઈ ફુવડ સ્ત્રીની માફક દીવસના આ સમયે પણ એણે નાઈટ ગાઉન પહેર્યો હતો. જાણે આ માટેની એ ચોખવટ કરતી હોય એમ કહેવા લાગી :

'દીદી, સાચું કહું તો ગુડ્ડીને લીધે મને ના'વાનો તો શું; પણ ટૉયલેટ જવાનો પણ સમય નથી મળતો. કંટાળી ગઈ છું એનાથી. તમે અહીં છો ત્યાં સુધીમાં તમારી થોડી હેવાઈ થઈ જાય તો સારું. મને થોડું તો છુટવા મળે!'

રશ્મીએ બનાવેલી સ્ટ્રોંગ કૉફીથી શરીરમાં થોડી તાજગી આવી. રાખીને નાનાં બાળકોનો બહુ મહાવરો ન હોવા છતાં; એણે ચપટી વગાડીને અને સાથે આણેલું ચૉકલેટનું બૉક્સ બતાવીને ગુડ્ડીને પોતાના તરફ આકર્ષવાની નીષ્ફળ કોશીશ કરી જોઈ. એ નાહીને નીકળી એટલે રશ્મીએ ફરી વાતનો તંતુ જોડ્યો,

'દીદી, અહીં આપણી સાથે વાત કરવા કોણ નવરું હોય? દીલ ખોલીને બે વાત કરવી હોય તો સાંભળનારું કોઈ નહીં. અહીં અમેરીકામાં બધું જ મળે છે; એક માણસ નથી મળતો. ઘણી વાર ઈન્ડીયા બહુ યાદ આવે. મા–બાબુજી, ભાઈ–બહેન, સખીઓ બધાંને મળવા મન તલપાપડ થઈ જાય; પણ.....' બોલતાં–બોલતાં એની છલકાઈ ગયેલી આંખો, એણે હસવાનો અભીનય કરતાં, લુછી લીધી.

કલાક–બે કલાકમાં જ રાખીને સમજાઈ ગયું કે વતનથી દુર રહેવાની પીડા, વતનનો ઝુરાપો એટલે શું... રશ્મી માટે એનું દીલ સહાનુભુતીથી છલકાઈ ગયું. કોયલને ટહુકવું હોય ત્યારે કોઈ એનું ગળું દબાવી દે તો શું થાય એનો એને ખ્યાલ આવ્યો.

'રશ્મી તું જૉબ નથી કરતી?'

'કરતી હતી, દીદી; પણ ગુડ્ડીના જન્મ પછી છોડી દીધી. એક તો દીકરીના ઉછેરની એક એક પળના મારે સાક્ષી બનવું છે, એ કારણ તો ખરું જ. વળી, એને ડે–કેરમાં મુકવાનો ખર્ચ પણ પોસાવો જોઈએ ને? શાતનુ ખુબ મહેનત કરે છે. ઘરે આવ્યા પછી પણ રાતે મોડે સુધી ઓન–લાઈન કામ કરે છે એટલે ખાસ વાંધો નથી આવતો.'

'આટલી બધી હાડમારી સહન કરવા કરતાં ભારતમાં રહેવું સારું, એવું વીચારો છો?

'ના રે બાબા, ભુલેચુકે પણ નહીં. અમારી હાલત તો ધોબીના કુતરા જેવી છે. નહીં અહીંના કે નહીં ત્યાંના. ચાલો, છોડો મારી વાત. કાલે 'સ્ટેચ્યુ ઓફ લીબર્ટી' જોવા જવું છે ને? હું ગુડ્ડીને લઈને ગાર્ડનમાં બેસીશ. તમે જોઈને પાછાં આવો, પછી આપણે ઘરે આવીશું.'

'ભલે, પણ કાલે તને અને શાન્તનુને હું ચીલી–પનીર અને નાન બનાવીને જમાડવાની છું.'

'થેન્ક યુ દીદી, થેન્ક યુ વેરી મચ. કોઈના હાથની રસોઈ ખાધાને તો જમાનો વીતી ગયો.'

બીજે દીવસે ગુડ્ડીને લઈને બાંકડા પર બેસતાં રશ્મીએ કહ્યું, 'દીદી, તમારે ટીકીટ લેવા લાઈનમાં ઉભા રહેવું પડશે હં! હવે જલદી જાઓ.'

'રશ્મી, બધું જોઈને પાછાં ફરતાં મને કેટલો સમય લાગશે?'

'ત્રણેક કલાક તો ખરા જ. કદાચ વધારે પણ થાય.'

અચાનક જ રાખીએ વીચાર ફેરવ્યો, 'જવા દે, મારે નથી જોવું. એના કરતાં ઘરે જઈને તમારી સાથે ગપ્પાં મારવામાં સમય વીતાવું તો શું ખોટું? કેમ, કેવો લાગે છે મારો આઈડીયા?'

રાખી આવું શા માટે કરે છે એ સમજી ગઈ હોય એમ, રશ્મી આભારવશ નજરે એની સામે જોઈ રહી.

જમતાં જમતાં શાન્તનુએ કેટલીયે વાર રસોઈનાં વખાણ કર્યાં. રશ્મી તો જમવામાં એટલી મશગુલ હતી કે, ગુડ્ડી શું કરે છે એની તરફેય એનું ધ્યાન નહોતું. અનીમેશ નયને એ બન્નેને જમતાં જોઈ રાખીને વીચાર આવ્યો કે શું સ્ટેચ્યુ ઓફ લીબર્ટી જોવા ગઈ હોત તો મને આનાથી વધુ આનંદ અને તૃપ્તી મળ્યાં હોત?

પાછી ફરી રહેલી રાખીને વીદાય આપતી વખતે એનો હાથ પકડીને રશ્મી ખરેખર રડી પડી.

'દીદી, તમારી સાથે જાણે વર્ષો જુની ઓળખાણ હોય, એવું લાગ્યું. આપણે સાથે વીતાવેલી એકેએક ક્ષણ મને હમેશ યાદ રહેશે.' રાખીને કહેવું હતું, 'મને પણ'; પણ એના ગળામાંથી અવાજ જ ન નીકળ્યો. ગુડ્ડીને માથે વહાલભર્યો હાથ ફેરવીને પાછું ફરીને જોયા વીના એ લીફ્ટમાં દાખલ થઈ. મનોમન એનાથી બોલાઈ ગયું :

'અલવીદા રશ્મી, અલવીદા અમેરીકા, ગુડબાય સ્ટેચ્યુ ઓફ લીબર્ટી.'

('અર્પા ઘોષ'ની 'અંગ્રેજી' વાર્તાને આધારે....)

તા. 01-05-2017ના 'ભુમીપુત્ર' પાક્ષીકના છેલ્લા પાન પરથી લેખીકાની સમ્મતીથી સાભાર..

–આશા વીરેન્દ્ર

સર્જક–સમ્પર્ક :
–આશા વીરેન્દ્ર
બી–401, 'દેવદર્શન', પાણીની ટાંકી પાસે, હાલર , વલસાડ– 396 001
ફોન : 02632-251 719 મોબાઈલ : 94285 41137 ઈ–મેઈલ : avs_50@yahoo.com

♦●♦

'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષ: તેરમું – અંક: 380 –August 06, 2017
'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@

Have you ever visited: http://www.gujaratilexicon.com ?

More than 3,39,48,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com
More than 81,00,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com
More than 9,44,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com
More than 6,63,000 have visited Global-Gujaratilexicon
http://global.gujaratilexicon.com

@@@@@@@@@